જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૦/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૫૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૦૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૦૯/૨૦૨૫**

પાલડીઃ વિજય સ/ઓ બાબુલાલ પરમાર (રહે. સ્વતંત્રતા ફલેટ રજવાડું હોટલ પાસે જીવરાજ પાર્ક વેજલપુર) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૦૬/૧૦/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુખીપુરા ગાર્ડન ખાતે અમુલ પાર્લર પાછળના ભાગે એક્ઝોસ ફેનની બારી તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/– તેમજ એક કિલો ઘીના પાઉચ નંગ–૧૫ કિંમત રૂપિયા ૯,૦૦૦/–, ૫૦૦ ગ્રામ ઘીના પાઉચ નંગ–૧૨ કિંમત રૂપિયા ૩,૬૦૦/–, ૫૦૦ ગ્રામ કાજુકતરી પેકેટ નંગ–૬ કિંમત રૂપિયા ૩,૧૫૦/– મળી કુલ રૂપિયા ૪૦,૭૫૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નીલમબહેન જયસુખભાઇ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૪૧૦/૨૦૨૫**

"એમ" ડીવીઝન ટ્રાફીક પો.સ્ટે.:– જુગેશકુમાર ધીરૂભાઇ ચુનારા (રહે–મનમોહનનગરના છાપરા બજાણીયાપરૂ સનાથળ ટોલટેક્ષ સામે, સરખેજ) એ "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સરખેજ એસ.પી.રીંગરોડ સનાથળ ટોલટેક્ષ અને શાંતિપુરા સર્કલની વચ્ચે SHC નામની કંપની સામે રોડ ઉપર જુગેશકુમાર પોતાના મિત્ર ભરતસિંહ દોલતસિંહ ચૌહાણ (ઉ.વ.૫૫)(રહે: ગામ–સનાથળ તા.સાણંદ જી.અમદાવાદ) નાઓને પોતાના મોટર સાયકલ ઉપર પાછળ બેસાડી પસાર થતા હતા ત્યારે એક સફેદ લકઝરી બસના ચાલકે પોતાના કબજાની બસ પુરઝડપે બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે ચલાવી લાવી જુગેશકુમારની મોટર સાયકલને ટક્કર મારતા, જુગેશકુમારને શરીરે સામાન્ય ઈજાઓ પહોચી હતી. તેમજ તેમના મીત્ર ભરતસિંહ ચૌહાણને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી યુ.બી.ઘાખડા "એમ" ડિવિઝન ટ્રાફીક પો.સ્ટે.નાઓ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૧/૨૦૨૫**

માધવપુરાઃ દુધેશ્વર રોડ છત્રી સર્કલ પાસે ગણેશપુરા સામે મોદીની ચાલી "પંચાલ હાઈડ્રોલીક પ્રા.લી." નામની દુકાન ખાતે ગાડી રિપેરીંગનું મજુરી કામ કરતા હરેશભાઈ બળવંતજી ઠાકોર (ઉ.વ.૩૮)(રહે. અશોકપુરાની ચાલી દુધેશ્વર રોડ માધવપુરા) તા.૦૬/૧૦/૨૦૨૫ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા દુકાન ખાતે આવેલ ૪૦૭ પીક–અપ ટેમ્પો ગાડીના હાઈડ્રોલીક પંપની હોસપાઈપનુ રિપેરિંગનુ કામ કરવાનું હોવાથી હાઈડ્રોલીક પંપથી ગાડીનુ ડાલું ઉંચુ કરી રિપેરિંગ કામ કરતા હતા દરમ્યાન પીક–અપ ટેમ્પો ગાડીનો હાઈડ્રોલીક પંપ અચાનક નિચે આવી જતા પીક અપ ગાડીનું ડાલુ હરેશભાઈ ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશભાઈ માવાભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૨/૨૦૨૫**

રિવરફ્રન્ટ વેસ્ટઃ સુફીયાન શરીફખાન પઠાણ (ઉ.વ.૨૭)(રહે.શકરા ઘાંચીની ચાલી, રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૫ રાતના ૮/૫૫ વાગ્યા પહેલા એન.આઈ.ડી. મેદાન પાછળ, સીડી નંબર–૪૮ પાસે વોક–વે નજીક સાબરમતી નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિપકભાઈ હમીરભાઈ ચલાવે છે.

ચાંદખેડાઃ (૧) માયાદેવી વા/ઓ મુકેશ વર્મા (ઉ.વ.૩૩) (રહે. લીલાભાઈની ચાલી વૃંદાવન ફ્લેટ ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશકુમાર ભાઇલાલભાઇ ચલાવે છે.

ચાંદખેડાઃ (૨) લાભુબહેન વા/ઓ નાનુભાઇ ખુંટ (ઉ.વ.૬૮) (રહે. અનંતા ઘરતી સાંકેત, જગતપુર, ચાંદખેડા) એ બીમારીથી કંટાળી તા.૦૬/૧૦/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને આનંદ સર્જીકલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન સાંજના ૫/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશકુમાર ભાઇલાલભાઇ ચલાવે છે.

શહેરકોટડાઃ કિરણભાઇ અંબાલાલ વાણીયા (ઉ.વ.૩૮) (રહે. ડાહ્યાભાઇની ચાલી સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૫ ના કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની ઓશરીમાં પતરાની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૦/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી